# વાર્તામેળો

# 3

**સંપાદક :** દર્શા કિકાણી

● પ્રકાશક ●

**વિચારવલોણું પરિવાર**

અમદાવાદ

# મારું ઘર

(યજ્ઞાર્થ મેહુલભાઈ વોરા,
ધો--૭,
એલેમ્બિક વિદ્યાલય, વડોદરા)

અરે અરે હું આ ક્યાં આવી ગયો!!!!!

આ તો જંગલ છે. આટલા બધાં ઝાડ, આટલા બધા પક્ષીઓનો કલરવ!

ચીં ચીં ચીં ચીં, ઘૂં ઘૂં ઘૂં ઘૂં, કુહુ કુહુ

આહા કેટલી બધી ચકલીઓ, કેટલા બધા પોપટ, પેલી કોયલ, લકડખોદ, સમડી ઓહો, ઓહો, કેટલા બધા સરસ પક્ષીઓ અને તે પણ બધા સાથે!!!

અરે અરે આ શું ... આ તો ચકલીબેન ચીં ચીં ચીં ચીં

અરે, અરે ચકલીબેન કેમ ચીં ચીં ચીં ચીં કરો છો? શું થયું?

ચકલીબેન : તું અહીં કેમ આવ્યો છે, અમારી જગ્યામાં?

અરે જગ્યા તો મારી કે તમારી થોડી હોય? પૃથ્વીની ભૂમિ, ભગવાને દરેક સજીવ માટે બનાવી છે.

ચકલીબેન : ‘તો પછી અમને કેમ મારીને ભગાડી મૂકો છો? તને ખબર છે, અમને ચકલીઓને તમારા બધા વચ્ચે રહેવું ખૂબ ગમતું હતું. પણ અમે જેવો માળો તમારા ઘરમાં બનાવીએ તેવો તે માળો તમે લોકો કાઢીને ફેંકી દો છો. પહેલાં તો અમે ઝાડમાં રહેતા હતા. તમે બધાએ ઝાડ પણ કાપી નાખ્યા. જેથી અમારે તમારા ઘરમાં અમારા બચ્ચાં માટે માળો બાંધવા આવવું પડે છે. અને તમે તે માળો ... અને પાછા તમારા ભણવામાં

અમારી કવિતા આવે ''ચકીબેન ચકીબેન મારી સાથે રમવા આવશો કે નહીં .....''

તમે માણસો અમારી જાતિને મીટાવા માંગો છો અને અમે તમને બારખડીનો 'ચ' આપ્યો. તો પણ તમે અમને નામશેષ કરવા માંગો છો. પાછા મ્યુઝિયમમાં તમે અમારું પ્રદર્શન કરો છો. જા અહીંથી જતો રહે...'

ઘૂં ઘૂં ઘૂં ઘૂં ઘૂં, કુહુ કુહુ કહુ, ઘૂં ઘૂં ઘૂં ઘૂં ઘૂં, કુહુ કુહુ કુહુ, અરે ચકીબેન તમે કેમ ગુસ્સે થયેલા લાગો છો?

ચકીબેન : 'અરે કબૂતરભાઈ અરે કોયલબેન, આ માણસો હવે આપણને જંગલમાં પણ નહીં રહેવા દે. શહેરમાં મોબાઈલના ટાવર, ઊંચા ઊંચા કોમ્પલેક્ષ, ઝાડો કાપી નાખ્યા, બારીઓમાં ચળકતા કાચ, વાહનોના અવાજ, આવી અનેક સુવિધા પોતાના માટે ઊભી કરે છે અને આપણું અસ્તિત્વ મીટાવવા માંગે છે. અને પોતે એકલા રહેવા માંગે છે.

નિર્દોષતા અને મધુર અવાજનો કલરવ આ માણસ જાતને હવે ખપતો જ નથી ને.

મોબાઈલની રીંગ ગમે છે અને મોબાઈલની રીંગમાં પાછો આપણો અવાજ રાખે છે. પણ વાસ્તવિકતામાં તે આપણી સાથે જીવવા માંગતા જ નથી ને.

અને હવે આ માણસ વિકાસના નામે બુલેટ ટ્રેન લાવે અને ઝાડ અને જંગલનો નાશ કરે છે.

હવે તમે જ કહો આ લોકોને કેવી રીતે માફ કરી શકાય?

આવો આવો સમડી બહેન, ગીધભાઈ, પોપટભાઈ, મેનાબહેન અને કાબરબેન આવો. મોરભાઈ, કાગડાભાઈ, સારસભાઈ, ટીટોડીબહેન, આવો બુલબુલ બહેન, આવો દરજીડાભાઈ, ઘુવડભાઈ.'

અરે આ શું, ચકલીબેન તો બધા પક્ષીઓને બોલવા માંડ્યા ...

અરે ચકલીબેન તમે આ શું કરો છો? હું ફરતો ફરતો તમારા જંગલમાં આવી ગયો અને તમે બધા પક્ષીઓ મને ખૂબ ગમ્યા એટલે તમારી સાથે વાત કરવા લાગ્યો અને તમે મને કાઢવા માંગો છો?

કા કા કાગડાભાઈ : અરે તમે અમારા નામ પરથી ક ખ ઘ ચ છ જ જેવી બારાખડી યાદ રાખો છો અને અક્ષરજ્ઞાન મેળવીને જ્ઞાની થાવ છો. અરે તમે માણસો જ્યારે બાળસ્વરૂપે હો છો ત્યારે તમારા માબાપ તમને અમારા આકારના નકલી પક્ષીઓના રમકડા આપીને રમાડે છે. પરંતુ સાથેમાં તે જ માબાપ તમને એવું નથી શીખવાડતા કે આ પક્ષીઓને પણ આપણે આપણી સાથે રાખવા જોઈએ.

માણસ મોટો તો થઈ જાય છે પણ બાળપણ ભૂલી જાય છે. મોટા થયા પછી અમારી માટે કોઈ લાગણી જ રાખતો નથી.

તને ખબર છે અમે જૈવિક જીવો છીએ. સફાઈ કામદાર છીએ. ઉત્સાહનું સ્વરૂપ છીએ. ઊંચાઈમાં એકતાનું પ્રતીક છીએ. જુદા જુદા રંગની ઓળખ અમે છીએ અને વધારેમાં બાળવાર્તાઓમાં સૌથી વધારે અમારા ઉપર જ વાર્તાઓ છે.

છતાં માણસના જીવનના અમે કોઈ ભાગીદાર જ નહીં? અમે તમારા ઘરમાં માળો બાંધીએ તો તમે તમારું ઘર ગંદુ થશે એમ કહીને અમારો માળો ઉપાડીને ફેંકી દો છો. તો અમે અમારા બચ્ચાં ક્યાં મૂકીએ?

જો હમણાં તમારા ઘર કોઈ તોડી નાખે તો? તમને કેવું થાય?

બધા જ પક્ષીઓ એક સાથે બોલવા માંડ્યા, આ શું ...? હવે હું શું કરું?

અમારા બચ્ચાંઓને તમે માણસ મારી નાખો છો. હવે તમને અમે અહીંથી જીવતો નહીં જવા દઈએ.

પોપટનો લીલો, કાગડાભાઈનો કાળો, મોરનો મોરપીંછ, કુકડાભાઈનો રંગબેરંગી વગેરે રંગોની ઓળખ પણ અમે જ આપી. અને જો તો ખરી આ કુકડાભાઈની હાલત! તેના ઈંડા થાય ત્યાં જ તે લઈ લેવામાં આવે છે. અને ઘણી જગ્યાએ તો ઈંડાના નાના બચ્ચાંને મોટા થતા પહેલાં જ મારી નાખવામાં આવે છે. કૂકડાભાઈને માણસ મજાથી આરોગે છે.

શું અમને જીવવાનો કોઈ હક નથી? અમે પ્રાણીને કે મનુષ્યને મારીએ છીએ? ભગવાનની બનાવેલ સૃષ્ટિમાં અમારી આવી દુર્દશા?

અમે કોઈ શાળા કે કોલેજમાં માળો બનાવીએ તો ત્યાં અમાર ઈંડાને તોડી નાખવામાં આવે છે. કોઈ કોઈ જગ્યાએ તો અમારી પાંખો જ કાપી નાખવામાં આવે છે.

જે શાળા અને કોલેજમાં અમારો અભ્યાસ થાય છે તે જ શાળામાં અમને અમારું ઘર બાંધવાનો હક નથી. આ તો માણસનું કેવું ભણતર.

માણસ પોતે પોતાની મોજ માટે પતંગ ઉડાડે અને અમારી પાંખો કાપી નાખે. આ જ માણસ જયારે બાઈક ઉપરથી પડે અને તેનો પગ તૂટી જાય ત્યારે કેવી બૂમો પાડીને રડતો હોય છે. પોતાનો પગ કપાઈ જાય તેની વેદનાનો અહેસાસ છે અને અમારી પાંખો કપાય તેનું કંઈ નહીં?

અમે આજે બધા પક્ષીઓ ભેગા મળીને તમારી આખી માણસ જાતને શ્રાપ આપીએ છીએ કે ભગવાન એકવાર તમને પક્ષી બનાવે...

અરે અરે આ શું? ખરેખર માણસ મોટો થઈને માણસ જીવસૃષ્ટિને જ નુકસાન પહોંચાડે છે? અરે હું પણ બાળક છું મને પણ કોઈ મારી નાખે

તો? મારું કોઈ ઘર તોડી નાખે તો? મને કોઈ હેરાન કરે તો? મારા મા-બાપ તેને મારે અથવા કાયદાકીય પગલા લે અને આ બિચારા પક્ષીઓના જીવન માટે કોઈ કાયદો જ નહીં ....

મારો મારો આ માણસના છોકરાને મારો ... મારો ... મારી જ નાખો ...

મમ્મી મમ્મી મમ્મી ... પપ્પા પપ્પા .... બચાવો, બચાવો મને બચાવો ...

અરે શું થયું?

આ બધા પક્ષીઓ મને મારી નાખે છે ...

અરે બેટા હજી સવારના પાંચ વાગ્યા છે. તે કોઈ ખરાબ સ્વપ્ન જોયું લાગે છે. હજી શાળાએ જવાની વાર છે બેટા, પાછો ઊંઘી જા.

ના, ના, મારા એ સવાલનો જવાબ આપો, કે આપણા ઘરમાં કોઈ દિવસ કોઈ પક્ષીએ પોતાનો માળો બાંધ્યો હતો?

હા બેટા બાંધ્યો હતો, પણ તું કેમ આ પૂછે છે?

પછી આ માળાનું તમે શું કર્યું? અરે બેટા તે માળામાં ચકલીબેનના બે ઈંડા હતા અને પછી તેમાંથી બે બચ્ચાં થયાં અને મોટા થઈને ઊડી ગયા.

એટલે આપણે કોઈ દિવસ કોઈ માળાને ફેંકી નથી દીધોને?

ના, ના બેટા આપણે તો એવું કોઈ દિવસ નથી કર્યું.

મમ્મી પપ્પા આ વર્ષે હું પતંગ પણ નહીં ઉડાડું.

જો મારું ઘર હોય તો પક્ષીનું ઘર આપણી સાથે કેમ ન હોય?

હું શાળાએથી આવીને પૂંઠા અને પ્લાસ્ટિકની બોટલમાંથી પક્ષીનું ઘર બનાવીશ.

અને ચકલીબેનને તેમાં રહેવા બોલાવીશ.

ચીં ચીં ચીં ચીં કરતી ચકલીબેન આવશે અને કહેશે આ ‘‘ઘર મારું’’.

---

સંપર્ક : દર્શા કિકાણી : ઈ –મેલ – darsha.rajesh@gmail.com